# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO : MAHGUJ/2006/17870 તંત્રી : ડો. નાગજી કેશવજી રીટા

વર્ષ : ૧૨ ● અંક : ૧૩૧ ● સળંગ અંક : ૩૪૨૬ ● પાના : ૧૬ ● સૂર્યોદય : ૬.૨૧ www.vvomahajan.org સૂર્યાસ્ત : ૭.૦૫ ● સં. ૨૦૭૪ ● શ્રાવણ સુદ-૦૯ ● રવિવાર, તા. ૧૯ ઓગસ્ટ ૨૦૧૮

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ● શાખા : થાણા (વેસ્ટ)-૯૭૦૨૯૪૮૩૩૫ કિંમત રૂા. ૨/-


## શ્રદ્ધાંજલિ

**ભાવભીની શ્રદ્ધાંજલિ**

**સ્વ. હરિલાલ નાનજી પટેલ**



કચ્છ-વાગડ સમગ્ર ગુજરાત અને આધોઈ ગામના દરેકના હૃદયમાં વર્ષોથી વસેલા ગામ આધોઈના અનમોલ રત્ન સમાન અને ભીષ્મ પિતા સમાન સ્વ. હરિલાલ નાનજી પટેલ (હરિનો લાલ) તા. ૧૪-૮-૨૦૧૮ ને મંગળવારના રોજ આધોઈ ગામના વીરલાનો સૂરજ આથમી ગયો. હરિભાઈ પટેલ અમારા પિતાશ્રી સ્વ. પોપટલાલ સામત ગડાના રાજકીય તથા સરકારી કાર્યોમાં સાથી હતા. તેમજ તેમની તથા અન્ય ગામવાસી ભાઈઓની સલાહ સૂચનો લઈને હરિભાઈએ આધોઈ ગામ માટે અનાથ સેવાના કાર્યો કર્યા છે. તેમના કાર્યો હંમેશા વર્ષો સુધી દરેકના હૃદયમાં જીવંત રહેશે. આવા નિઃસ્વાર્થપણે સેવાના કાર્યો કરનાર મહાપુરુષ હવે આપણને મળવા મુશ્કેલ છે. શોકાતુર પરિવાર રાજીબેન હરિભાઈ પટેલ (વાવીયા પરિવાર)ને આ દુઃખ સહન કરવા ઈશ્વર ખૂબ જ શક્તિ આપે. આ દુઃખમાં અમો પણ આપના પરિવાર સાથે જ છીએ. લિ. હીરજી પોપટ સામત ગડા પરિવાર-ગામ આધોઈ (દિલેરી) ગોરેગામ-વેસ્ટ. મો.: 9820270723. (M-1855)

**૮મી પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ**

**સ્વ. માતુશ્રી ગોમાબેન લખધીર બૌવા**

**(ગામ : આધોઈ, હાલે : જોગેશ્વરી)**

**અરિહંત શરણ : તા. ૧૯-૮-૨૦૧૦**



પાપણ ઝુકે ને નમન થઈ જાય, મસ્તક ઝુકે ને વંદન થઈ જાય, એવી નજર ક્યાંથી લાવીએ માં, તને યાદ કરીએ ને તારા દર્શન થઈ જાય... એવા સ્નેહના સરવાળાને દેહના મહાસાગરને અમારી માવડી ને નત્ મસ્તકે વંદન... લિ. શોકમગ્ન પરિવાર : પુત્ર-પુત્રવધૂ - રંજનબેન નેણશી બૌવા, ચંપાબેન વેલજી બૌવા, શાંતીબેન અમૃતલાલ બૌવા, હેમલતાબેન ધીરજ બોવા. પુત્રી-જમાઈ - જવેરબેન શાંતીલાલ ગાલા (આધોઈ). પૌત્ર-પૌત્રવધૂ - ભૂમિકા જતિન વેલજી બૌવા. પૌત્ર : સાગર નેણશી બૌવા, દિપ અમૃતલાલ બૌવા તેમજ સમસ્ત બૌવા પરિવાર. (M-1852)

## સામાજીક

**શ્રી પાબુદાદાય નમઃ**

**''શ્રી છેડા પાબુદાદા ભાવિક મંડળ મનફરા''**

શ્રી પાબુદાદાને માંડલે નમતા સર્વે ગોઠિયા ભાઈઓની મિટીંગ તા. ૨૦-૮-૨૦૧૮ સોમવારે રાત્રે ૮ કલાકે દાદર મધ્યે વાગડ કલા કેન્દ્રની (જૂની) ઓફિસમાં રાખેલ છે. તો સર્વેને હાજર રહેવા નમ્ર વિનંતી. લિ. શ્રી પાબુદાદા ભાવિક મંડળ-મનફરા. (M-1824-B)

**પહેડી... પહેડી... પહેડી...**

**શ્રી વિરાણી છેડા ભાવિક મંડળ-રવ**

આયોજીત સ્થાનિકે ૧૧મી માઁ અંબે તથા પાબુદાદાની પહેડી તા. ૩૦-૧૨-૨૦૧૮ તથા ૩૧-૧૨-૨૦૧૮ના નક્કી કરેલ છે. તો સર્વે ગોઠિયા ભાઈ-બહેનો તથા નિયાણી બહેનો દેશમાં જવા-આવવાની ટીકીટ પોત-પોતાની રીતે કઢાવશો. ૨૯-૧૨-૨૦૧૮ ની ટીકીટ ૨૭-૮-૨૦૧૮ના ખુલશે. નિયાણી બહેનોને ટીકીટના પૈસા પહેડીના દિવસે આપવામાં આવશે. એજ લિ. મંત્રીઓ. (T-676)

**શ્રી મનફરા પાંજરાપોળ**

**આભાર... અનુમોદના... આભાર...**

૩૦૦૦/- શૌર્ય અમિત નેણશી સત્રા. ૨૫૦૦/- શ્રીમતી પ્રભાબેન વિનોદ કોરશી દેઢિયા-મનફરા. હા. ઊર્વિ મિકિન દેઢિયા. ૨૨૦૦/- સ્વ. મંજુલા જેઠાલાલ સાવલા હા. જેઠાલાલ સાવલા-મનફરા. ૨૨૦૦/- પોપટભાઈ વિશાભાઈ વઘાણ-ખારોઈ. ૨૧૦૦/- શ્રીમતી રતનબેન કેશવજી છેડા-કકરવા. ૨૧૦૦/- કાનજી હાજાભાઈ છાડવા-સામખીયારી. ૨૧૦૦/- નવીન કાંથડ ગડા-મનફરા. ૨૦૦૦/- બાબુલાલ ડોસાભાઈ વેરશી દેઢિયા-મનફરા, સ્વ. લખમશી ભોજરાજ કારીયાનાં આત્મશ્રેયાર્થે. ૨૦૦૦/- સુરેશભાઈ ઠક્કર, સ્વ. લખમશી ભોજરાજ કારીયાનાં આત્મશ્રેયાર્થે-મનફરા. ૧૫૦૦/- મણીલાલ ગુણશી ફુરીયા-આધોઈ. ૧૫૦૦/- શ્રીમતી કસ્તુરબેન રજનીકાંત ખીમજી ગાલા, સ્વ. રજનીકાંત ખીમજી ગાલાનાં આત્મશ્રેયાર્થે-મનફરા. ૧૧૦૦/- નાનજી પોપટભાઈ સત્રા-ભરૂડીયા. ૧૧૦૦/- અનુભા શિવુભા જાડેજા-ખારોઈ. ૧૦૦૧/- શ્રેયા રમેશ રવિલાલ ફરિયા હા. વનિતાબેન વેલજી ખીમજી ગાલા-આધોઈ. ૧૦૦૦/- મનસુખ પુંજાલાલ છેડા-મનફરા. ૧૦૦૦/- શાંતિલાલ હીરજી દેઢિયા-મનફરા. દાનવીરોનો સંસ્થા આભાર માને છે. લિ. મંત્રીઓ. પત્રિકા સૌજન્ય : દીપ્તિ બિલ્ડર્સ યુનીવર્સલ પ્રા. લિ. (દાદર-મુંબઈ). (M-1847)

**મનફરા - શ્રી જખ્ખદાદાજી -**

**શ્રી વિશલમાતાજી - મનફરા**

**પહેડી... પહેડી... પહેડી...**

મનફરાના ગાલા સંકુલમાં બિરાજમાન શ્રી જખ્ખદાદાજી અને શ્રી વિશલમાતાજીને નમતા ગાલા કુળના જખ્ખ પુજારા ભાવિક ભાઈઓ-બહેનો અને નિયાણી બહેનોને હાર્દિક આમંત્રણ. આપણા દેવસ્થાનોની સ્થાનિકે સળંગ તેરમી ભવ્યાતિ ભવ્ય ભાવ-ભક્તિસભર પહેડીનું આયોજન દાતાશ્રી ગામ લાકડીયાના માતુશ્રી દિવાળીબેન બાબુભાઈ નોંઘાભાઈ ગાલા પરિવાર તરફથી તા. ૨૮-૧૨-૨૦૧૮ના ઉત્સવરૂપે કરેલ છે. તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૮ના સવારે શુભ મુહૂર્તે માતાજીની ભવ્ય ધારાવળી, ધજા બદલાવવી, જખ્ખદેવ અને વિશલમાતાજીની મહાઆરતી, થાળ, પ્રસાદ અને રાસ-ગરબાનું અનુપમ આયોજન કરેલ છે. જખ્ખપુજારા ગાલા પરિવારના ભાઈઓ-બહેનો તથા નિયાણી બહેનોને આ ધર્મ અવસરે પોતાની રીતે ટિકિટો કઢાવીને મોટી સંખ્યામાં પધારી પહેડી પર્વના રંગમાં રંગાઈ જવા ભાવ ભક્તિભીનું આમંત્રણ છે. નિયાણી બહેનોને આવવા જવાની ટીકીટના પૈસા સ્થાનિકે આપવામાં આવશે. હંમેશ મુજબ આપના સાથ-સહકારની અપેક્ષા સાથે જય માતાજી. લિ. શ્રી જખ્ખપુજારા વિશલમાતાજી ભાવિક મંડળ-મનફરા. (C-223-C)

**શ્રી સુરાપુરા જીયાણી દાદા સત્રા ભાવિક મંડળ ભરૂડીયા - ભચાઉ - લાકડીયા**

સહર્ષ જણાવવાનું કે ગામ ભરૂડીયા મધ્યે બિરાજમાન સત્રા પરિવારના શ્રી સુરાપુરા જીયાણી દાદાની અગામી ૯મી પહેડી ભરૂડીયા સ્થાનિકે ઉજવવાનું નક્કી થયેલ છે. આ પહેડીનો સંપૂર્ણ લાભ અમારા માતુશ્રી વીરાબેન ડાયા માંઈયા સત્રા પરિવાર (ભરૂડીયા) ને મળેલ છે. અમો આપણા મંડળના આભારી છીએ. ઉપરાંત અમારા પરિવારના વડીલ બંધુ શ્રી પ્રેમજી ડાયાભાઈનો ''જીવીત મહોત્સવ'' પણ ઉજવવાનો છે. આ બંન્ને પ્રસંગોમાં સુરાપુરા શ્રી જીયાણી દાદાને નમતા ગોઠિયા પરિવાર, નિયાણી બહેનો-જમાઈ તથા તેમના અપરિણીત બાળક સારામાં સારી સંખ્યામાં ભાગ લઈ અમારા ઉત્સાહમાં વધારો કરશો એવી સહુને વિનંતી છે. આ વર્ષે અમારા પરિવાર તરફથી ભચાઉથી ભરૂડીયા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં વધુ ભાવિકો પગપાળા સંઘમાં જોડાય તેવી નમ્ર અપીલ. લિ. પહેડી દાતા માતુશ્રી વીરાબેન ડાયા માંઈયા પરિવાર (હસ્તે માતુશ્રી પાનુબેન પ્રેમજી ડાયા પરિવાર તથા શ્રીમતી ગોમતીબેન રાયશી ડાયા પરિવાર. (T-678)

**શ્રી વિશલ મા ભાવિક મંડળ-રવ**

ઉપરોક્ત મંડળના ગોઠિયા ભાઈઓની એક જનરલ મિટીંગ ૨૦-૮-૧૮ સોમવાર રાત્રે ૯.૩૦ કલાકે જૈન ભુવન થાણા મધ્યે રાખેલ છે. એજન્ડા : સ્થાનિકે માતાજીની પહેડીની ૨૬-૧૨-૧૮ સાંજની આરતી વહેતી ઓફર રૂા.૯ હ. માતુશ્રી મણીબેન નાથાલાલ કરમણ ગાલાની આવેલ છે. ૨૭-૧૨-૧૮ પહેડીના દિવસે નિયાણી બહેનો અંગુઠો ધોવાની વહેતી ઓફર રૂા.૧૧ હ. માતુશ્રી કંકુબેન નરપાર ભાણજી ગાલા તરફથી છે. અને આરતીની વહેતી ઓફર રૂા.૨૭ હ. માતુશ્રી મણીબેન નાથાલાલ કરમણ ગાલા તરફથી આવેલ છે આ ત્રણે ચડાવા જે ભાઈઓને લેવાની ઈચ્છા હોય તે વધીને ઓફર આપી શકે છે. ત્રણે ચડાવા, મિટીંગમાં ફાઈનલ કરવામાં આવશે માટે સર્વે ગોઠિયા ભાઈઓ મિટીંગમાં હાજર રહેવા નમ્ર વિનંતી. લિ. મંત્રીઓ. (T-675)

**શ્રી ડાઘા મિત્ર મંડળ આધોઈ (મુંબઈ)**

**શ્રી મોમાય માતાય નમઃ**

**શ્રી ખારોઈવાળા દાદાય નમઃ**

આધોઈ માંડલે નમતા ડાઘા નુખના ગોઠિયા ભાઈઓ-બહેનો-વડીલો અને નિયાણી બહેનો, શ્રી ખારોઈવાળા દાદાની ૭મી પહેડી મુંબઈ મધ્યે તા. ૨૩-૧૨-૨૦૧૮ રવિવારનાં રોજ સાંજે ચંપાબેન ચાંપશી દેવશી મહાજન વાડી, ઓશીવરા મધ્યે રાખવામાં આવેલ છે. આ વરસની પહેડીના સંપૂર્ણ ખર્ચના દાતા માતુશ્રી દિવાળીબેન વિરજી ડાઘા હસ્તે અ.સૌ. કેસરબેન શામજી ડાઘા પરિવારે લાભ લીધેલ છે. શ્રી ખારોઈવાળા દાદાની પહેડીમાં પધારી દર્શન/પ્રસાદીનો લાભ લેશો. ડાઘા પરિવારજનોને નમ્ર વિનંતી તા. ૨૩-૧૨-૨૦૧૮ નાં દિવસે કોઈ કાર્યક્રમ રાખશો નહીં. લિ. કુંવરજી કાનજી ડાઘા. (A-262)

**।। શ્રી તેજારા દાદાય નમઃ।।**

ગામ લાકડીયા મધ્યે તેજારા દાદાને નમતા કચ્છા ગાલા પરિવારની પહેડી તા.૩૦-૧૨-૨૦૧૮ ને રવિવારના રોજ સવારે અને સાંજે સ્થાનિક મધ્યે રાખવામાં આવેલ છે. તો સર્વે ગોઠિયા ભાઈઓ તથા ગોઠિયાણી બહેનો તથા નિયાણી બહેનો અને જમાઈઓને પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. નિયાણી બહેનોને આવવા અને જવાના ટીકીટના પૈસા સ્થાનિકે આપવામાં આવશે તો નિયાણી બહેનોએ પોતાની હિસાબે ટીકીટ કઢાવી લેવા વિનંતી. આ પહેડી આનાફોડથી રાખવામાં આવેલ છે. એક આનાના રૂા.૨૦૦૦/- રાખવામાં આવેલ છે. તો ગોઠિયા ભાઈઓને આનાના રૂપિયા ડાયાલાલ પાંચાલાલ ગાલાને ફોન ઉપર લખાવવા વિનંતી. મો.નં. 9819351441 ઉપર લખાવવા વિનંતી. પહેડીની સૌએ નોંધ લેવા વિનંતી. લિ. ગાલા ડાયાલાલ પાંચાલાલ. (M-1850)


For V.V.O.C.M. NEW DIGITAL MEMBERSHIP CARD - Log on to http://vvomahajan.org/login (9867766988)

**શ્રી વાગડ વિશા ઓસવાળ શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ-થાણા અગત્યની મિટીંગ**

સવિનય જણાવવાનું કે આપણા સંઘના સભ્યોની જનરલ મિટીંગ તા. ૨૦-૮-૨૦૧૮, સોમવારે રાત્રે ૯.૩૦ કલાકે શ્રી હંસરાજ ભોજરાજ બુરીચાના ઘરે રાખેલ છે. તો સંઘના સર્વે ભાઈઓને સમયસર જનરલ મિટીંગમાં પધારવા વિનંતી. લિ. શ્રી વાગડ વિશા ઓસવાળ શ્વે.મૂ.પૂ. તપગચ્છ જૈન સંઘ-થાણા. (T-660-B)

**જય રામાપીર**
**બાર બીજના ધણી રામાપીર**
**સૌની સંભાળ રાખજો રામાપીર**

સવિનય સાથે જણાવવાનું કે ગામ સામખીયારી વિશા ઓસવાળ નેજા મંડળ તરફથી તા. ૧૯-૯-૨૦૧૮ બુધવારના રાત્રે શુભ ચોઘડીયે રામદેવ પીરના નેજા ઉપડશે. ભાવિકોને પધારવા નમ્ર વિનંતી અને તા. ૨૦-૯-૨૦૧૮ ગુરુવારના રામદેવ પીરનો મેળો ભરાશે તેમાં શ્રી સામખીયારી વિશા ઓસવાળ નેજા મંડળ તરફથી છાસ કેન્દ્ર ચાલુ રહેશે. જાહેર જનતાને છાસ-કેન્દ્રમાં પધારવા વિનંતી. એજ લિ. જય રામાપીર. નોંધ : મેળામાં ખીસ્સા કાતરૂઓથી સાવધાન રહેશોજી.(M-1843)

## ધંધાદારી

**SHOP FOR SALE**

અંધેરી ઈસ્ટ સ્ટેશન નજીક નાગરદાસ રોડ પર ૨૩૦ ફૂટની મોકાની દુકાન ઓનરશીપ-વેચાણથી. સંપર્ક : નવકાર રિઅલ એસ્ટેટ, ૬૦, આશિષ બિલ્ડીંગ-બેટર હોમની સામે, સહાર રોડ, અંધેરી (ઈસ્ટ). Mo.: 9869108628 / 9619674640. (A-253-A)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

સ્ટેશનની બાજુમાં સહાર રોડ પ્રાઈમ લોકેશન પર ૧ બેડરૂમ હોલ કીચન, ૪૩૦ કાર્પેટ ઓનરશીપ બિલ્ડીંગમાં રેસીડન્સ કમર્શિયલ ઓફિસ તેમજ ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ. સંપર્ક : નવકાર રિઅલ એસ્ટેટ, ૬૦, આશિષ બિલ્ડીંગ-બેટર હોમની સામે, સહાર રોડ, અંધેરી (ઈસ્ટ). Mo.: 9869108628 / 9619674640. (A-253-C)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

(૧) સહાર રોડ ૩ બેડરૂમ હોલ કીચન ૧૧૦૦ કાર્પેટ, હાયર ફ્લોર - ૩.૫ કરોડ તેમજ (૨) પારસી પંચાયત રોડ - ફૂલ્લી ફર્નીસ્ડ ૩ બેડરૂમ હોલ કીચન ૧૪૦૦ ફૂટ કાર્પેટનો લક્ઝિરીયસ ફ્લેટ, હાયર ફ્લોર વેચાણથી - ૪.૫ કરોડ. સંપર્ક : નવકાર રીઅલ એસ્ટેટ-9869108628 / 9619674640. (A-253-E)

**આકાસા લખનવી ચીકનકારી**

અનસ્ટીચ સલવાર સુટ, કુર્તિ મટીરીયલ+સાડીઓ, અનારકલી, પ્લાઝો, કોટન, સિલ્કમાં, સગાઈ, આણા, સંગીત સંધ્યા, લગ્ન માટે સ્પે. વેડીંગ કલેક્શન જ્યોર્જેટમાં ચણિયાચોલી, કુર્તી વીથ દુપટ્ટા, અનારકલી તથા પ્રાર્થના અને ધાર્મિક પ્રસંગો માટે કોટનમાં વ્હાઈટ સૂટપીસ, કુર્તી મટીરીયલ. બારે માસ સોમથી શનિ ટા.: ૧૧ થી ૭. હર્ષા જેન્તીલાલ છેડા. મો. 9820577757/ 9820575757. એડ્રેસ : વસુંધરા બિલ્ડીંગ, ૧ લે માળે, ફ્લેટ નં.૯, ભુલાભાઈ દેસાઈ રોડ, મહાલક્ષ્મી મંદિરની સામે, ઓડી કાર શોરૂમની ઉપર, મુંબઈ-૪૦૦ ૦૨૬. (D-274-B)

**શ્રી અજરામર જૈન ગૃહ ઉદ્યોગ**
**શિવમણી બિલ્ડીંગ, ૨જે માળે, રેલ્વે સ્ટે. તથા બસ ડેપો પાસે સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૫૫.**

રક્ષાબંધનના પવિત્ર તહેવાર માટે વરખ અને માવા વગરની સ્પે. કાજુકતરી અને સ્પે. બદામ કતરી તથા શુદ્ધ અને સાત્વીક દેશી ઘી ની મિઠાઈઓ તથા તાજા ફરસાણ વ્યાજબી ભાવે મળશે. (M-1842)

લિ. મંત્રીશ્રી
ગડા તેજસીંહ ભચુભાઈ

**દુકાન વેચાતી આપવાની છે**

ડી. એન. નગર, અંધેરી (વેસ્ટ)માં રનીંગ દુકાન વેચાતી આપવાની છે. સાઈ એપાર્ટમેન્ટ, શોપ નંબર-૫. કાર્પેટ એરીયા ૨૫૦ છે. Cont.No.: 9833958853 / 9820809922. (M-1857)

**જૈન પાઉંભાજી માટે ફોન નંબર લખી રાખો**

આપણા ઘરમાં આવતા નાના મોટા પ્રસંગે ૨૦ થી ૬૦ જણના જમણવાર માટે જૈન પાઉંભાજી, પુલાવ, જીરા ફુદીના રાઈસ, ગુલાબ જાંબુ, ઈડલી વગેરે ઘરે બનાવીને મુલુંડથી કલ્યાણ સુધી ફ્રી ડીલીવરી. દરેક પ્રકારના ગરમ નાસ્તા બનાવી આપીશું. વધુ વિગત માટે સંપર્ક : પ્રીતી સત્રા (ગુંદાલા)-9769842932. (T-680)

**શ્રીમતી સારીઝ વિલેપાર્લા (ઈસ્ટ)**
**VIP SALE UPTO 50%**

વેડીંગ વેઅર સારીઝનો અદ્દભૂત ખજાનો. બનારસી સિલ્ક, પટોળા, જ્યુટ સિલ્ક, સાઉથ સોફ્ટ સિલ્ક અને વર્ક કરેલ લેટેસ્ટ ડિઝાઈનર સાડીઓ તેમજ ડિઝાઈનર ચણીયાચોળી. આવો પાર્લાના પ્રખ્યાત શોરૂમમાં ''શ્રીમતી સારીઝ'' વિલેપાર્લા (ઈ) ફોનઃ 26153591. (M-1615-D)

**દેવલાલી**

બાલગૃહ રોડ : રેડી પઝેશન : એક બેડરૂમ : ૯૬૦; બે બેડરૂમ = ૧૪૦૦. બંગલો : ૪૨૨૦ એરીયા; ગ્રાઉન્ડ પ્લસ બે માળ; લીફ્ટ છે. બંગલો : ત્રણ બેડરૂમ; ૧૩૫૦; ટેરેસ; ગાર્ડન. લામ રોડ : એક બેડરૂમ : ૫૨૫; ૭૧૦; ૭૭૦ લીફ્ટવાળા બિલ્ડીંગમાં બે બેડરૂમ : ૮૨૫; ૯૫૮; ૧૦૯૦; ૧૪૦૦; ૧૭૦૦. બંગલા : બે/ત્રણ/પાંચ બેડરૂમના. પ્લોટ વેચવાના છે : ૪૦૦; ૬૦૦; ૧૦૦૦; ૪૦૦૦ વાર પરેશ રાયચંદ ધરમશી (સુથરી) મહારેરા રજીસ્ટર નંબર : A51800002926. Mo.: 9930803959; 9930106054. (M-1621-B)

**પવિત્ર શ્રાવણમાં દોષ નિવારણ**

આપની કુંડળીમાં બનેલા વિવિધ દોષો જેમ કે કાલસર્પ દોષ, ચાંડાલ દોષ, ગ્રહણ દોષ, શ્રાપિત દોષ વગેરેનું નિવારણ શ્રાવણ મહિનામાં કરવાથી આપનાં જીવનની દરેક સમસ્યાનું ૧૦૦% નિવારણ થઈ જાય છે. આ સત્ય હકિકત અને અમે આ વર્ષોથી અનુભવેલું પણ છે. ઉપરોક્ત બધા જ દોષો રાહુ-કેતુથી સંબંધિત છે અને રાહુ-કેતુનાં ઈષ્ટ ભગવાન શંકર છે. તેથી દોષ-નિવારણ પૂજા માટે શ્રાવણ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે. સચોટ જ્યોતિષ-માર્ગદર્શન તથા નિવારણ માટે સંપર્ક કરો : જ્યોતિષાચાર્ય દિનેશભાઈ મણીશંકર રાજગોર-મુંબઈ (ભચાઉવાળા) મો.: 9870150198. નોંધઃ હોમ-વિઝીટ કરવામાં આવે છે. (M-1725-A)

**નવરત્ન યુથ ગ્રુપ (વાગડ)**

ઉનાળાના વેકેશનમાં આયોજન કરે છે.
ધોરણ : ૧૦ અનેએનાથી ઉપરના સર્વ વિદ્યાર્થી માટે

આપણા સમાજના જ નવયુવકો અને યુવતી માટે આગમી ટુરની તૈયારી ચાલુ છે...

DOMESTIC ના ભાવમાં INTERNATIONAL ટુર ની તૈયારી...

આગમી પત્રિકા જોતા રહેજો
પાસપોર્ટ તૈયાર રાખજો!!!

A 252 b

કરશ રમણિક ગાલા (લાકડીયા) 9820776223 | મનન નવિન ગાલા (ઘાણીથર) 9833030320

## ॥ જગદંબા જ્યોતિષમ્ ॥



સુપ્રસિદ્ધ જ્યોતિષાચાર્ય ભાગવત ઋષિ નવલશંકર રાજગોર B.A.(શાસ્ત્રી) M.A. (આચાર્ય) B.Ed. કાશી (ગોલ્ડ મેડલીસ્ટ) (જ્યોતિષભૂષણ) જન્મકુંડળી, ગૃહ વાસ્તુ, નક્ષત્રાદિ શાંતી, વાસ્તુ શાંતી, નવચંડી યજ્ઞ એવં અન્ય પૂજા, મહાયજ્ઞ તથા વિવાહાદિ માંગલિક શુભ કર્મ માટે સંપર્ક : (M-1449-H)

**Mo.: 9920998004**

**મુલુંડ (વેસ્ટ)માં ઓફિસ વેચવાની છે**

મુલુંડ વેસ્ટ સ્ટેશનની બાજુમાં ઓનરશીપ નવી બિલ્ડીંગ, ૩જે માળે, ૩૭૬ કાર્પેટ ૯૯ લાખમાં. રમેશ લાપસીયા (કાંડાગરા) 9892044599. (T-679)

**રેલ્વે ટિકિટ બુકીંગ**

નાતાલ માટેની જવા-આવવાની રેલ્વેની ઓપનીંગ/ જનરલ/તત્કાલ ટિકિટ માટેનું બુકીંગ તથા બીજ, આઠમ, પૂનમની ટિકિટનું ગ્રુપ-પર્સનલ બુકીંગ મળશે. એરલાઈન્સ ટિકિટ/હોટલ બુકીંગ માટે ખાસ ડીલ મળશે. મોબાઈલ : 9819079959 કાંતી વધાણ (ગોરેગામ-આધોઈ). (M-1809-A)

**વીરા હોમમેડ ચોકલેટ્સ (હોલસેલ ભાવે)**

રક્ષાબંધન સ્પેશ્યલ ફ્લેવર્સના ભાવ પ્રતિ કિલો - ડાર્ક ચોકલેટ રૂ.૪૦૦, પ્લેન ક્રંચી, બટર સ્કોચ, ફ્રૂટ જેલી, ટૂટી ફ્રૂટી રૂ.૪૫૦, ડ્રાયફ્રૂટ ચોકલેટ રૂ.૫૫૦, રોસ્ટેડ બદામ રૂ.૬૦૦. ૩ કિલો પર ફ્રી હોમ ડિલીવરી. સુશિલા વીરા-9766092202, 8421207583, 7796732873. (M-1688-B)

**દુબઈ સાથે અબુધાબી**

**૦૪ રાત્રી - ૦૫ દિવસ - રૂ.૩૪,૦૦૦/-** ૦૫ રાત્રી - ૦૬ દિવસ રૂ.૪૦,૦૦૦/-, ૦૬ રાત્રી - ૦૭ દિવસ રૂ.૪૬,૦૦૦/-માં ભવ્ય હોટલ, ભાવતા ભોજન, ભરપૂર સાઈટ સીઈંગ, વિઝા, ટેક્ષ સામેલ. (વિમાન ભાડુ અલગ). દર રોજ ઉપડે છે. સંપર્ક : ''જાગૃતિ ટૂર્સ'' Since-1982. Tel.: 9833880312 / 9820129177. અમારી અન્ય ટૂરો - થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, બાલી, શ્રીલંકા, હોંગકોંગ, મકાઉ તથા મોરેશિયસ... આપના સમય અને બજેટ મુજબ યોજી આપશું. (M-1604-I)

**Shraddha Rehabilitation Foundation**

વેનગાંવ વિલેજ, કર્જત રેલ્વે સ્ટેશનથી ૨ કિ.મી.

## નમ્ર અપિલ

શ્રધ્ધા ફાઉન્ડેશન સંસ્થાની કાર્યવાહીથી આપ પરિચીત છો જ. મનોરોગીઓને સાજા કરવા હજી થોડું સહેલું છે. પણ એમના ઘર સુધી પહોંચાડવા ઘણું અઘરું છે. મનોરોગીઓના મહિનાનો ખર્ચ ૧૮ લાખ સુધી પહોંચી જાય છે. જે ઘણું આકરું થઇ પડે છે.

'રૂપ', 'રૂપિયો' ને રજવાડુ કાલ જાતુ રહેશે...

ભાવથી બાંધેલ કર્મોનું દોરડું ભવ એ ભવ રહેશે... માણસ જે કાંઈ મેળવે છે, તે તેના કર્મોનું ફળ છે.

આવો... કર્મવીર બંધુઓ
સંસ્થાને સહાયરૂપ બનો.

આપને નમ્ર વિનતી છે કે આપને ત્યાં આવતા લગ્ન પ્રસંગ, જન્મદિન, લગ્નની એનિવર્સરી, વડિલો કે આપ્તજનોની પૂણ્યતિથી એ સંસ્થાને યાદ કરી મદદરૂપ થાઓ.

આપ આપનું દાન ચેકથી અથવા ડ્રાફટથી સંસ્થાની ઓફિસે અથવા ટીમ શ્રધ્ધાના સભ્યોનો સંપર્ક કરી મોકલાવી શકો છો.

**: ટીમ શ્રધ્ધા :**
* મણીલાલ ભુરાલાલ ગાલા : (નંદાસર) ૯૮૭૦૭૨૭૨૫૨
* હસમુખ લખમશી શાહ : (ગાગોદર) ૯૮૨૧૧૬૭૧૭૭
* અજય રાયચંદ શાહ : (ગોધરા) ૯૯૨૦૨૫૦૭૭૭

M 1666 C

**હોમ લોન ધમાકા**

નવા ઘરની ખરીદી માટે એગ્રીમેન્ટ વેલ્યુના ૯૦% હોમ લોન ૮.૫૦% થી ૮.૬૫% માં હોમ લોન, ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટ સાથે કરી આપીશું, પહેલાની ચાલતી હોમ લોનને ટેક ઓવર કરી એમાં પણ ટોપ-અપ કરી આપીશું. બેન્કનું MCLR એક વર્ષ પછી બદલી થતું હોવાથી હોમ લોનનું રેટ એક વર્ષ સુધી એક જ રહેશે. મોર્ગેજ લોન, બિઝનેસ લોન, કાર લોન, ગોલ્ડ લોન, બિલ્ડર માટે SBI થી પ્રોજેક્ટ ફાઈનાન્સ, APF, LRD @ 9% માં બેન્કમાંથી કરાવી આપીશું. નાનજી એમ. ભાનુશાલી-9819236640/9320236640/9222221416 adfinanceconsultancy@gmail.com (T-669-B)

**પાસપોર્ટ, ગેઝેટ નામબદલી, સીનીયર સીટીઝન કાર્ડ, પેનકાર્ડ, લાઈટબિલ નામબદલી, મહાનગર ગેસ નામ બદલી**

નવા, રિન્યુઅલ, નામમાં ફેરફાર, સરનામું બદલી તેમજ બર્થ અથવા સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ વગર પેનકાર્ડથી પાસપોર્ટ માટેની અરજી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરીને અપોઈન્ટમેન્ટ લઈને આપીશું (ચાર્જ રૂ.૫૦૦). નામ બદલી માટેની મહારાષ્ટ્ર ગર્વમેન્ટની ગેઝેટ બુકમાં નામ બદલીની નોંધણી (ચાર્જ રૂ.૧૩૦૦). લાઈટબિલ રિલાયન્સમાંથી ટાટા પાવરમાં રૂપાંતર (ચાર્જ રૂ.૪૦૦). લાઈટબીલ તેમજ મહાનગર ગેસલાઈન બીલ નામ બદલી (ચાર્જ રૂ.૮૦૦). સિનીયર સિટીઝન કાર્ડ (ચાર્જ રૂ.૩૫૦). પેનકાર્ડ નવા તેમજ જન્મતારીખ-નામમાં ફેરફાર (ચાર્જ રૂ.૫૦૦). સં.: મહેન્દ્ર ગોગરી 9322650300, 9969843194, 7021550973. (M-1711-E)

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

## પરિવર્તનના કર્ણધાર.. મુઠ્ઠી ઉંચેરા માનવી

## સ્વ. હરિલાલ નાનજી પટેલને શ્રધ્ધા સુમન



**સ્વ. હરિલાલ નાનજી પટેલ**

(આધોઈ) ઉંમર વર્ષ : ૮૭

"જાતસ્ય હી ધ્રુવો મૃત્યુ," જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચિત છે"

તેમ છતાં પણ **શ્રી હરિલાલ નાનજી પટેલ** તેમની જીંદગી જે રીતે જીવ્યા તેની ઉપર જો નજર કરીએ તો ખ્યાલ આવી જાય કે તેઓ સતત એક ધ્યેય સાથે જીવ્યા. રાજકીય જીવનમાં સતત પ્રવૃતીશીલ, કાર્યરત હતા. વિધાનસભ્ય, સંસદસભ્ય મંત્રી તરીકે રહી કચ્છની પ્રજાના દરેક પ્રશ્નોની સફળ રજુઆત કરી કચ્છ જીલ્લાને વિકાસની તરફ લઈ જવામાં **શ્રી હરિલાલ નાનજી પટેલ**નો સિંહફાળો હતો. એમની વિદાયથી એક વડલો ધારાશયી થયો છે. વાગડ પ્રાંતે એક વડીલ ગુમાવ્યા છે. પરમ કૃપાળુ પરમાત્માને આપણે પ્રાર્થના કરીએ કે એમનો આત્મા જ્યાં પણ હશે ત્યાં પરમ શાંતિમાં રહો અને જલ્દીમાં જલ્દી મોક્ષ ગતીને પ્રાપ્ત કરે.

**સાધનાની સફર ખેડે તે સંત છે, મુક્તિના મીઠા સુર છેડે તે મહંત છે,**
**દુનિયાને જીતનારા અંતે હારી જાય છે, ખુદની જાતને જીતે તે સાચો વીર છે.**

**એવા ખુદની જાતને જીતી જનારા સ્વ. શ્રી હરિલાલ નાનજી પટેલને**
**શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન તરફથી ભાવભીની શ્રધ્ધાંજલિ...**

**લિ.ડૉ.નાગજી કેશવજી રીટા-પ્રમુખ-ટ્રસ્ટી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રીમતી હંસાબેન પપીન ચરલા | ઉપપ્રમુખ | શ્રી ચંપક બચુભાઈ નંદુ | મંત્રીશ્રી | CA શ્રી સુરેશભાઈ દામજી છેડા | ખજાનચી |
| શ્રી લાલજી કરસન કારીયા | ઉપપ્રમુખ | શ્રી ચાંપશી આંબાલાલ ચરલા | મંત્રીશ્રી | શ્રી કાનજી આણંદજી રીટા | સહ ખજાનચી |
| શ્રી શાંતિલાલ ભચુભાઈ સાવલા | ઉપપ્રમુખ | શ્રી રમણીક વેલજી શાહ | મંત્રીશ્રી | શ્રી અરવિંદ ખેરાજ સાવલા | સચીવ |
| શ્રી સુરેશ કાંથડ ગડા | ઉપપ્રમુખ | શ્રી મનસુખ વીરજી નિસર | મંત્રીશ્રી | શ્રી શાંતીલાલ મણશી ગડા | સચીવ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| એડ.હસમુખ વેલજી શાહ | મેને. ટ્રસ્ટી | શ્રી ધરમશી ચાંપશી છેડા | ટ્રસ્ટી | શ્રી દામજી જીવરાજ ગાલા | ટ્રસ્ટી |
| શ્રી દેવશી દેવરાજ ગડા | ટ્રસ્ટી | શ્રી ચંદુલાલ કલ્યાણજી સાવલા | ટ્રસ્ટી | શ્રી શાંતીલાલ હરઘોર કારીયા | ટ્રસ્ટી |
| શ્રી ધનજી ગેલાભાઈ ગાલા | ટ્રસ્ટી | શ્રી જતીન રમણીક છાડવા | ટ્રસ્ટી | શ્રી દામજી લખમશી કુરીયા | ટ્રસ્ટી |
| શ્રી વેલજી નરશી શાહ | ટ્રસ્ટી | શ્રી વિશનજી લખમશી કારીયા | ટ્રસ્ટી | શ્રી ભીમશી રતનશી કારીયા | ટ્રસ્ટી |

M-0

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

આયોજીત

## સમૂહ લગ્ન સમિતી – મુંબઈ

**અત્યાર સુધી 54 સમૂહ લગ્નો થયા છે. જેમા 586 નવદંપતિ પ્રભુતામાં પગલા માંડી ચૂક્યા છે. આગામી 55માં સમૂહ લગ્ન તા. 17.12.2018 અને 56માં તા. 18.12.2018નાં યોજેલ છે. જેમને પણ સમૂહ લગ્નમાં નામ લખાવવું હોય તેમણે કન્વીનર શ્રી વેલજીભાઈ અખેરાજ બુરીચા (ફોન નં.: 98210 56032) નો સંપર્ક કરવો...**

M-0

**લિ. સમૂહ લગ્ન સમિતી**


# શ્રી સુરાપુરા જીયાણી દાદા સતરા ભાવિક મંડળ

## ભરૂડીયા – ભચાઉ – લાકડીયા

### તા.૨૭/૧૨ અને ૨૮/૧૨ પહેડીમાં નામ લખાવાના છેલ્લા બે દિવસ... જલ્દી કરશો...

જે ભાવિકોની પગપાળા સંઘમાં જોડાવાની ઇચ્છા હોય તેમણે તા.૨૫મી ડીસેમ્બરે અને બીજા ભાવિકોએ તા. ૨૬/૧૨ ના મુંબઇ થી પહેડી માં સંઘ રૂપે જવા માટે નામો નોંધાવવા **રૂા. ૭૦૦/- (સાતસો પુરા)** તા.૨૦/૮/૨૦૧૮ સુધી નીચેના સેંટરો ઉપર ભરી દેવા તથા કોન્ટેક્ટ નંબર જરૂરથી લખાવવા વિનંતી.

(૧) **વુડ ગેલરી - થાણા** (પરેશભાઇ) (૨) **રીલાયબલ ઝેરોકસ - ફોર્ટ** (હસમુખભાઇ) (૩) **મેજીક ઇલેકટ્રોનિકસ - ઘાટકોપર** (હિતેશભાઇ) (૪) **સમ્રાટ બેગ - વિલે પારલા** (જયંતીભાઇ) (૫) **પોશ, એલ.ટી. રોડ - બોરીવલી** (શાંતિલાલ).

- આ વર્ષે પહેડી દાતા **માતુશ્રી વીરાબેન ડાયા માંઇયા પરિવાર (હસ્તે. માતુશ્રી પાનુબેન પ્રેમજી તથા શ્રીમતી ગોમતીબેન રાયશી પરિવાર)** તરફથી સંઘમાં આવનાર સર્વે નિયાણી બહેનોને ટ્રેનમાંજ ટીકીટના પૈસા રીફન્ડ આપવામાં આવશે. અગાઉથી સંઘમાં નામ લખાવેલ હાજર નિયાણી બહેનોજ રીફન્ડ મેળવવા હક્કદાર રહેશે. અન્ય નિયાણી ને ટીકીટના પૈસા આપવામાં આવશે નહીં તેની નોંધ લેવા વિનંતી.
- દર વર્ષે આરતી ના થાળમાં જમા થનાર રકમ આપણે જીવદયા માં વાપરીએ છીએ તથા તેનો ચડાવો પહેડીના દિવસે ફાઇનલ કરવા માં આવે છે. **જીવદયામાં વાપરવા માટે થાળના ચડાવાની વહેતી ઓફર શ્રીમતી નવલબેન રતનશી રાયશી પરિવાર તરફથી રૂા.૫૧૦૦૦/-ની આવેલ છે.** મંડળ તરફથી તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ! સર્વેને ચડતા ભાવ રાખવા વિનંતી.
- આ વર્ષે પહેડીમાં નિયાણી બહેનોને મળનારી ભેટ રકમની યાદી માં અત્યાર સુધી જે ભાગ્યશાળીઓએ નામ નોંધાવેલ છે તેમાં એક નામ વધારો આ પ્રમાણે છે.

**૧-૩૧ આગળની યાદી પ્રમાણે....**

| | | | |
|---|---|---|---|
| ૩૨ | જવેરબેન મણિલાલ ભારમલભાઇ | ૫૦/- | ભરૂડીયા |

- પહેડીના દિવસે નિયાણી બહેનોને ભેટ રકમ માટે (રૂા. ૨૦/- કે તેથી વધુ) તા. ૧૧/૧૨/૨૦૧૮ સુધી જેમના નામ આવેલ હશે તેમની યાદી ખબરપત્રીકામાં આપવામાં આવશે. યાદીમાં ભૂલચૂક સુધારો અથવા ફેરફાર કરાવવા અને વધુ માહિતી માટે શ્રી જયંતીભાઇ મોબાઇલ નં.૯૯૬૯૧૯૦૦૪૪ અથવા સુરેશભાઇ મોબાઇલ નં.૯૮૯૨૪૩૧૨૯૦ ઉપર સંપર્ક કરવા વિનંતી.

**લી. વ્યવસ્થાપક સમીતી...** T 677


# રક્ષાબંધન સ્પર્ધા ની હૃદયસ્પર્શી વાર્તા

## રક્ષાબંધન ઉત્સવ



જન્મતા ની સાથે જ સેલેબ્રલ પાલસિ જેવી ગંભીર બીમારી નો ભોગ બનેલ બહેન રિદ્ધિ ને એનો લાડકવાયો ભાઈ વિરાગ અમેરિકા થી રક્ષાબંધન ની પૂર્વ સંધ્યાએ શુભેચ્છા ના બે શબ્દ અને રમકડા મોકલાવે છે. *"બહેન રિદ્ધિ, તારી જિંદગી નો વિદ્યુતપ્રવાહ ક્યારે બંધ નહીં થાય. હજી તો તને સજાપણા નો મુઘટ પહેરવાનો છે. નિરાશ ના થઈશ. જે કુદરતે તારા પાસે થી છીનવી લીધું છે, એ તને હજાર હાથે ઢગલાબંધ આપશે."*

રિદ્ધિ ને ફક્ત એક વાત નો અફસોસ છે, કે એ રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે ઉભી થઈ શકતી નથી અને પોતાનો ડાબો હાથ પોતાને સાથ આપવાને લીધે ભાઈ ને રાખડી બાંધી શકતી નથી. છતાયે ભાઈ બહેન નો પ્રેમ અપાર છે. ભાઈ વિરાગ અમેરિકા ગયો ત્યારે રિદ્ધિએ એને કહ્યું- *"તું મારુ ટેન્શન ના લેતો, હું નથી ભણી શકી પણ તું ભણજે. દુનિયા અને સમાજ માં નામ રોશન કરજે."*

અંતરાષ્ટ્રીય સ્તરે યોજાતી મુંબઈ મેરેથોન માં ડીસએબલ્ડ કેટેગરીમાં કચ્છી વાગડ સમાજ વતી સૌથી નાની વયે ભાગ લઈ સૌથી વધુ મેરેથોન દોડ પુરી કરી એણે અનેક એવોર્ડ, સર્ટીફીકેટ, મેડલ મેળવ્યાં છે. રિદ્ધિ નો ભાઈ હોવાનો ભાઈ વિરાગ ને ગર્વ છે.

- રિદ્ધિ અને વિરાગ ના પપ્પા, ચંપક ગડા, ચર્ની રોડ (આઘોઈ)

સમાજ માં રિદ્ધિ જેવા રતન હોવા નું અમને ગર્વ છે. રિદ્ધિ અને વિરાગ દુનિયા માં સમાજ નું નામ રોશન કરે એવી અભિલાષા અને રક્ષાબંધન ની શુભેચ્છા.

નોંધ: જબરદસ્ત પ્રતિસાદ જોઈને સ્પર્ધા ની અંતિમ તારીખ બે દિવસ આગળ વધારવા માં આવી છે.

તમે પણ તમારી ભાઇ-બેનની મીઠી, નટખટ, પ્રેરણાત્મક વાર્તા અમને ઇ-મેલ, વોટસએપ અથવા સોશ્યલ મિડિયા દ્વારા **તા. ૨૦ ઓગસ્ટ ૨૦૧૮** સુધી માં મોકલાવી શકો છો.

**SEND US YOUR ENTRIES ON:**

WhatsApp- +91 826 880 1111 | Email: info@antarajewellery.com

www.facebook.com/antarajewellery www.instagram.com/antarajewellery

Navin Asha, D.S.P Road, Dadar (E), Mumbai - 400 014 +91 22 2417 5565

Megh, Factory Lane, Borivali (W), Mumbai - 400 092 +91 22 2898 5565

ANTARA

M 1851

# શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન

## કેન્સર ચકાસણી શિબીર
## (CANCER DETECTION CAMP)

શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન
in Association with
શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દ્વારા
થાણાનાં વાગડવાસી ભાઈઓ તથા બહેનો માટે
કેન્સર તપાસણી શિબીરનું આયોજન કરવામાં આવેલ છે.

કેન્સર ચકાસણી શિબીરનાં સંપુર્ણ ખર્ચના દાતાશ્રી
**ગામ નુ.ત્રંબૌના માતુશ્રી લક્ષ્મીબેન વેલજી આણંદા બૌવા પરિવાર**

### શિબીરની વિશેષતા

- નિષ્ણાંત ડૉકટરો દ્વારા સંપુર્ણ શારિરીક તપાસણી કરવામાં આવશે.
  (ગર્ભાશય, પ્રોસ્ટેટ, સ્તન અને મોઢાનાં કેન્સરને લગતી)
- પુરૂષો માટે : ✦ શારિરીક તપાસણી ✦ છાતીનો એકસ રે ✦ PSA બ્લડ ટેસ્ટ (૫૦ વર્ષની ઉપરનાં)
- સ્ત્રીઓ માટે : ✦ શારિરીક તપાસણી (મહિલા ડૉકટર દ્વારા) ✦ છાતીનો એકસ રે
  : ✦ મેમોગ્રાફી (૩૫ વર્ષની ઉપરની સ્ત્રીઓ) ✦ પેપ સ્મીઅર (PAP SMEAR)
- કેન્સર વિશેની માહિતી ઓડીયો વિઝુયલ દ્વારા આપવામાં આવશે.
- કેન્સરને લગતી શંકાઓનું નિરાકરણ પ્રશ્નોઉત્તરી દ્વારા કરવામાં આવશે.

૩૦ વર્ષથી ઉપરનાં સ્ત્રી અને પુરૂષો ને આ સંધીનો લાભ લેવા વિનંતી...
વહેલા તે પહેલા ના ધોરણે ફકત ૧૦૦ સ્ત્રી - પુરૂષો માટે.

| ✦ તારીખ ✦ | ✦ સમય ✦ | ✦ રજીસ્ટ્રેશન ફી ✦ |
|---|---|---|
| ૩૦/૦૯/૨૦૧૮ | સવારે ૯.૦૦ થી | રૂા. ૧૦૦/- |
| રવિવાર | સાંજે ૫.૦૦ વાગ્યા સુધી | (નામ નોંધાવવું જરૂરી) |

### શિબીરનો સ્થળ

શ્રી થાણા વર્ધમાન જૈન સ્થાનકવાસી મેડીકલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલીત
શ્રી વસનજી લખમશી માલસી કારીઆ (રવ) હેલ્થ સેન્ટર, નૌકાવિહારની સામે, થાણા (વે).

### રજીસ્ટ્રેશન સ્થળ

શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવિસી મહાજનની થાણા ઓફીસ. સંપર્ક : કાજલ ગાલા - ૯૭૦૨૯૪૮૩૩૫

### વધુ વિગત માટે સંપર્ક

(૧) ડૉ. વૈશાલી જયેશ બોરીચા : ૯૮૧૯૭૧૫૧૧૫ (૨) શ્રીમતી ગુણવંતી હસમુખ સત્રા : ૯૮૧૯૫૦૩૦૫૦

લિ.: ડૉ. નાગજી કેશવજી રીટા - પ્રમુખ શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન
અને અધિકારી ગણ

M 0

ZanURi grafik : Ritesh Ramnik Nandu : 9967890250

# શ્રી આધોઈ વિશા ઓસવાળ મૂ.પૂ. જૈન સંઘ

## પધારો... પધારો... પધારો...

આધોઈ નગરે પર્યુષણ પર્વ ઉજવવા શ્રી સંઘનાં આંગણે. **સાગરાનંદસૂરિશ્વરજી મ.સા.**ના સમુદાયના **પૂ. સાધ્વીજી** સરળ સ્વભાવી **પ.પૂ. પ્રશમશીલા મ.સા.**ના શિષ્યા આદિ ઠાણાની નિશ્રામાં પૂજ્યશ્રીનાં મુખેથી જીનવાણીનું શ્રવણ તેમજ વિવિધ પ્રકારનાં તપ ધર્મની આરાધનામાં જોડાઈને ઘણા પુણ્યશાળી આરાધકો લાભ લઈ રહ્યા છે. નજીકના દિવસોમાં પર્વાધિરાજ પર્વે પર્યુષણ આવી રહ્યા છે. માદરે વતન આધોઈ નગરે પધારવા સર્વે ભાઈ–બહેનોને ભાવભર્યું આમંત્રણ. શ્રી સંઘમાં રસોડાની પણ સુંદર વ્યવસ્થા છે. મીઠા રસોડાના લાભાર્થી પરિવાર **માતુશ્રી હીરૂબેન ભારાભાઈ છેડા હ. કેસરબેન વેલજી ભારાભાઈ છેડા** પરિવારે અમૂલ્ય લાભ લીધેલ છે. પરિવારજનોની ભૂરી ભૂરી અનુમોદના પર્યુષણ પર્વમાં શ્રી સંઘ રૂપે દેશમાં મુંબઈથી આધોઈ મુકામે લઈ જવાનાં લાભાર્થી **માતુશ્રી હીરૂબેન ભારાભાઈ છેડા હ. કેસરબેન વેલજી ભારાભાઈ છેડા** પરિવારજનોને ખૂબ ખૂબ ધન્યવાદ. પર્વ પર્યોષણમાં દેશમાં જવા માટે **તા. ૦૪.૦૯.૨૦૧૮**નાં શ્રાવણ વદ–૯ને મંગળવારનાં કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા જવાનું છે. અગાઉ જે ભાઈ–બહેનોએ પૈસા ભરીને નામ લખાવેલ છે તે સર્વે ભાઈ–બહેનોએ **તા. ૦૪.૦૯.૨૦૧૮** મંગળવારનાં ૪.30 કલાકે બાન્દ્રા ટર્મિનલ કચ્છ એક્સપ્રેસનાં ડબ્બા નંબર S-7 તથા S-8 ઉપર આવી જવાનું. આઈ કાર્ડ પ્રૂફ સાથે રાખશો. ચોવિયારની વ્યવસ્થા દાતાશ્રી પરિવાર તરફથી રાખેલ છે. પાણીનું સાધન સાથે લઈ આવવાનું. ડીપોજીટ ભરેલ રકમ ટ્રેનમાં પાછી આપવામાં આવશે. તપસ્વી પ્રભાવનાં તથા સર્વે સાધારણ ફંડમાં અગાઉ સારી સંખ્યામાં ભાઈ–બહેનોએ નામો લખાવેલ છે તે સર્વેની અનુમોદના.

પાછળથી નીચે મુજબ નામ આવેલ છે.

**૧ માતુશ્રી બુધ્ધીબેન રાજાભાઈ અખા બોરીચા** | **૧ માતુશ્રી હીરાબેન મોતી મણશી ગડા**

**૧ માતુશ્રી રાણીબેન ગેલાભાઈ કુંભા ગાલા** | **૧ શ્રીમતી કુંવરબેન રતનશી અરજણ વધાણ**

સર્વે લાભ લેનાર ભાઈ–બહેનને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે આભાર.

સર્વે આધોઈવાસી ભાઈ–બહેનો સ્થાનિકે પર્યોષણ પર્વ ઉજવવા પધારો અને સાધર્મિક ભક્તિનો લાભ આપો એવી નમ્ર ભરી વિનંતી. A-260

**લિ. શ્રી આધોઈ વિશા ઓસવાળ મૂ.પૂ. જૈન સંઘના ટ્રસ્ટીગણના પ્રણામ**



# SHREE JIVDAYA MANDAL-RAHPAR

# શ્રી જીવદયા મંડળ-રાપર

સ્થાપના સંવત : ૨૦૨૮

## શ્રી જીવદયા મંડળ (સંચાલિત) રાપર પાંજરાપોળ સંસ્થાના મુંબઈ સ્થિત ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો જોગ જાણ

સંસ્થાના મુંબઈ નિવાસી ટ્રસ્ટીઓની અને કારોબારી સભ્યોની એક અગત્યની મિટીંગ મંગળવાર, **તા.: ૨૧.૦૮.૨૦૧૮**ના રોજ બપોરે ૩ વાગ્યે નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.

સંસ્થાના **વર્ષ ૨૦૧૭/૨૦૧૮**ના હિસાબ ઓડીટ થઈને આવી ગયેલ છે. આગામી **તા.: ૧૬.૦૯.૨૦૧૮**ના રોજે રાપર મુકામે બોલાવવામાં આવેલ વાર્ષિક જનરલ સભા સમક્ષ મુકવા માટે હિસાબની સમીક્ષા અને સૂચનો માટે જરૂરી ચર્ચા વિચારણા કરવાની છે. કામગીરી અતિ આવશ્યક હોવાથી મુંબઈ વસતા દરેક ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્ય ભાઈઓને સમયસર હાજરી આપવા નમ્ર અનુરોધ છે.

બીજુ જણાવવાનું કે કચ્છ વાગડમાં વરસાદ બિલકુલ નહી હોવાથી તેનો પણ વિચાર વિમર્શ કરવા માટે સુચનાઓ માટે અતિ આવશ્યકતા હોઈ આ મિટીંગ બોલાવવામાં આવેલ છે. તો ટ્રસ્ટીગણ તથા કારોબારી સભ્ય ભાઈઓને સમયસર હાજરી આપવા નમ્ર અનુરોધ છે.

**સ્થળ : વર્ધમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૩૦૨, દગડી વાડી, કરશન લધુ હોલની સામે, એસ.કે.બોલે રોડ, દાદર (વે.), મુંબઈ - ૪૦૦ ૦૨૮.**

**સંપર્ક :- અમૃતલાલ કોરડીયા – Mob.: 99203 13048**

**લિ. મંત્રી**

E-813

●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●

●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●

●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●આનંદોત્સવ ધમાકા ૨૦૧૮ ●

।। શ્રી વાસુપુજય સ્વામીય નમઃ ।।

# શ્રી આધોઈ યુવક મંડળ - મુંબઈ

આયોજીત

## આનંદોત્સવ ધમાકા ડિસેમ્બર ૨૦૧૮

## ત્રિદિવસીય મહોત્સવ

## તારીખ : ૨૮/૨૯/૩૦ ડિસેમ્બર ૨૦૧૮

પ્રિય જ્ઞાતિસ્વજનો...

શ્રી આધોઈ યુવક મંડળ મુંબઈ દ્વારા એક અનોખા આનંદોત્સવ નું આયોજન સ્થાનિકે આધોઈ મુકામે થવા જઈ રહયુ છે, સ્થાનિકે યોજનારા આ ત્રિદિવસીય મહોત્સવ માં ક્રિકેટ, મેરેથોન, થીમ પ્રોગ્રામ નાના મોટા સહુ માટે નવી અને જૂની રમતો કબ્બડી, ખો ખો, ટપદ્દી જેવી રમતો રમશુ એક સલોણી સાંજે ઢોલીડા ના ઢબુકતા ઢોલ, શરણાઈઓના સુરીલા સુર તાળીઓના તાલે રાસ ગરબા ની રમઝટ અને રજવાડી ડાયરા ની મોજ માણશુ માદરે વતનની ધરતીને સ્પર્શના કરવાનો એક અલગજ રોમાંચ અનુભવીશુ

**સાથે ત્રણે દિવસ ત્રણેય ટાઈમ વિવિધ વ્યંજનો સાથે જમણવાર તો છે જ.**

**જેનો ચાર્જ ફક્ત રૂ ૫૦૦/- રાખેલ છે.**

**રોકડા ભરીને સેન્ટર ઉપર નામ લખાવવા વિનંતી.**

**ટિકીટ પોતાના હિસાબે કઢાવવાની રહેશે. સ્થાનીકે રહેવાની સગવડ પણ પોતે કરવાની રહેશે.**

**આ આનંદોત્સવ માં આધોઈ ગામ ની નિયાણી બહેનો - જમાઈઓ અને અપરિણીત ભાણેજ - ભાણેજીઓ ને પણ ચાર્જ ભરીને શામેલ થવા ભાવભર્યું આમંત્રણ છે.**

રેલ્વે ના નિયમ મુજબ ટ્રેનની ટિકીટ (૪ મહીના) પહેલા નિકળે છે

૨૭ ડિસેંબર ની ટિકીટ ૨૯ ઓગસ્ટ ના નિકળશે

**આ ત્રીદિવસીય મહોત્સવના મુખ્ય દાતા**

## માતુશ્રી રામુબેન હરખચંદ પાંચાલાલ ગડા પરિવાર



માતુશ્રી રામુબેન હરખચંદ ગડા



પિતાશ્રી હરખચંદ પાંચાલાલ ગડા

**નામ લખાવવાના સેન્ટરો**

| | | | |
|---|---|---|---|
| સાગર, બોરીવલી (ઈ)<br>રમેશ શામજી કાથા<br>૯૯૬૭૦૩૫૩૮૪ | ખજાના ઈલેક્ટ્રોનીક્સ - ગોરેગામ (વે)<br>રમણીક પોપટલાલ ગીંદરા<br>૯૮૨૦૧૭૯૮૯૮ | યશ કલેકશન - અંધેરી (વે)<br>વિનોદ પોપટલાલ ગીંદરા<br>૯૮૯૨૫૬૬૨૯૫ | ફોરમ - પાર્લા (ઈ)<br>રમેશ કેશવજી ચરલા<br>૯૮૯૨૮૬૦૮૬૯ |
| માવાણી સ્ટોર્સ, ચેમ્બુર<br>દિનેશ રતનશી શાહ<br>૯૮૨૧૪૦૪૦૯૨ | અરીહંત ઈલેક્ટ્રોનીક્સ - ઘાટકોપર (ઈ)<br>અંબાલાલ વણવીર સત્રા<br>૯૮૬૯૭૧૮૦૮૦ | મહાવીર જનરલ સ્ટોર્સ - ફોર્ટ.<br>સુરેશ વેલજી કુરીયા<br>૯૮૨૧૨૮૪૪૨૮ | ચામી કલેકસન પુના<br>ધીરજ ખીમજી ગાલા,<br>ફોન : ૦૨૦ - ૨૫૬૭૫૭૭૫ |

વધુ વિગત માટે : ચાંપશી આંબા ચરલા ૯૦૨૨૧૯૬૧૯૬ સુરેશ વેલજી કુરીયા ૯૮૨૧૨૮૪૪૨૮ રમણીક પોપટલાલ ગીંદરા ૯૮૨૦૧૭૯૮૯૮

-:લિ. મંત્રીઓ:-

રમણીક પોપટલાલ ગીંદરા

દામજી ચાંપશી કુરીયા

**પત્રિકા સૌજન્ય**

M 1856

**માતુશ્રી મોંઘીબેન તેજશી બેચરા કારીઆ પરિવાર**

શ્રીમતી પુષ્પાબેન રમણીકલાલ કારીઆ

શ્રીમતી બિંદીયા કાર્તિક કારીઆ

**તિરૂમાલા**

શ્રીમતી દિવ્યાબેન બાબુલાલ (પ્રેમજી) કારીઆ

શ્રીમતી ખેવના રૂષભ કારીઆ



# તૃતિય પુણ્યતિથીએ સ્નેહભરી સ્નેહાંજલિ

સમયની સરિતા સદાય વહેતી રહેશે ...
સ્મૃતિઓના સાગરમાં સમાઈ જશે ...
દિન–માસ–વરસો કાળમાં વલોવાશે ...
તારા યાદ રૂપી અમી પરિવારને સીંચશે ...
પરંતુ
તારી હસતી તસ્વીર
સદા કાળ દિલમાં રહેશે ...
તારા દિવ્ય આત્માને
પ્રેમભરી
... સ્મરણાંજલિ અર્પણ ...



## સ્વ. ડો. જીગર કુંવરજી ભચુભાઈ સત્રા

ગામ : મનફરા – જોગેશ્વરી (ઈસ્ટ) ★ અરિહંતશરણ : તા. ૨૦-૦૮-૨૦૧૫

લિ. શ્રીમતી કેસરબેન કુંવરજી ભચુભાઈ વીરજી સત્રા પરિવાર
માતુશ્રી પુનઈબેન રાયશી કોરશી કુરીયા પરિવાર
**તથા સમસ્ત સત્રા પરિવાર એવમ્ કુરીયા પરિવાર**

M 1844

|| જય મહાવીર ||   || જય સિમંધર ||   || જય અજરામર ||



# શ્રી આધોઈ સ્થાનકવાસી છ કોટિ જૈન સંઘ સંચાલિત
# માતુશ્રી જીવતીબેન કાંતિલાલ જીવરાજ ગડા જૈન ધર્મ સ્થાનક

## સં.૨૦૭૪ / વર્ષ : ૨૦૧૮ નાં/ ચાતુર્માસની ઝલક

લિંમડી અજરામર સંપ્રદાયના વર્તમાન ગચ્છાધિપતી આચાર્ય ભગવંત પૂજ્ય ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પૂજ્ય ચંદ્રાવતીબાઈ મહાસતીજીના શિષ્યા મધુર વક્તા પૂજ્ય બા.બ્ર.કુમુદપ્રભા મહાસતીજી, પૂજ્ય રૂજુતાબાઈ મહાસતીજી આદિ ઠાણા-૨ નું મંગલ પ્રવેશ ખૂબજ ધામધૂમથી થયુ. સન્માન પૂર્વક પ્રવેશમાં પૂજ્ય ધ્રુતીબાઈ મહાસતીજી આદિ ઠાણા ત્રણ પધારેલ.

મુંબઈથી સંઘમાં સારી સંખ્યામાં ભાઈઓ અને બહેનો તથા બહાર ગામથી થાણા, ચીરાબજાર, સુવઈ, ત્રંબો, નંદાસર, રાપર, ભરૂડીયા, ભચાઉ, સામખીયારી, લાકડીયા, ખારોઈ, દુધઈ, ગાંધીધામ,અંજાર, મનફરા, ગુંદાલા તથા રામાણીયા વીગેરે વિવિધ સંઘના શ્રાવક તથા શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં આધોઈના ચાતુર્માસ પ્રવેશમાં પધાર્યા હતા. સર્વે સંઘોની હાજરીમાં સવારના ૭.૧૫ વાગે આધોઈ ગામના શાહુનગર ગેટ થી પ્રવેશ થયો. મહાસતીજીના સામૈયા વક્તે દોઢસો જણ શ્રાવક/શ્રાવિકાઓ ઉપસ્થિત હતા.

મહાસતીજીના સ્થાનક પ્રવેશ થતા જ આખો સ્થાનક ખીચોખીચ ભરાઈ ગયેલ. પ્રથમ મંત્રીશ્રી હિરજીભાઈએ પૂજ્ય મહાસતીજીઓ તથા બહારગામથી પધારેલ મહેમાનોનું ખૂબજ સરસ રીતે સ્વાગત પ્રવચન કરેલ ત્યારબાદ વિવિધ સંઘોના શ્રાવકોએ શુભેચ્છા પ્રવચન કરેલ ત્યારબાદ પૂજ્ય ધ્રુતીબાઈ મહાસતીજી અને નાના મહાસતીજીએ સુંદર મધુર ગીત ગાયેલ, ત્યારબાદ પૂજ્ય રૂજુતાબાઈ મહાસતીજીએ પ્રવેશ વીશે તેમજ આધોઈ ગામના વડીલો માટે ખૂબજ સરસ વાર્તા કરેલ. છેલ્લે પૂજ્ય કુમુદપ્રભાજી મહાસતીજીએ પોતાની શૈલીમાં ખૂબ જ સરસ અને સુંદર પ્રવચન આપેલ.

સાડા ત્રણસો થી ચારસો ની બહોળી સંખ્યામાં શ્રાવક/શ્રાવિકાઓએ શાંતીથી મહાસતીજી અને બહારથી આવેલા સંઘોના પ્રવચન સાંભળ્યા. ત્યારબાદ આગળનો કાર્યક્રમ હંસરાજ ગોપાલ ગાલાએ સંચાલન કરેલ અને દાતા પરિવારોની સન્માન વિધી કરવામાં આવેલ. પૂજ્ય મહાસતીજીના પુનીત પગલે અ.સૌ. નામાબેન વેલજી ગડાએ બ્રહ્મચર્ય વ્રતના પચકાણ મહાસતીજી પાસે લીધા હતા.

આધોઈ સંઘમાં સોનામાં સુંગધ ભેળવી પ્રવેશમાં સામૈયા વક્તે સવારે વણોઈ થી ૬૦ જણાનો સંઘ આવેલ અને મધુર કંઠથી ગીતો અને સુત્રો બોલાવેલ.

**સાધર્મિક ભક્તિના દાતાશ્રી માતુશ્રી ચાંપુબેન કાનજી ભચુ ગડા પરિવાર**
**માતુશ્રી કુંવરબેન શાંતિલાલ ભચુ ગડા પરિવાર**
**તેમણે પ્રવેશ નિમીત્તે ગામ જમણ રાખી આધોઈ સ્થાનક વાસી છ કોટિ જૈન સંઘની**
**શોભામાં ચાર ચાંદ લગાડી દીધા. આભાર વીધી ભરત શાંતીલાલ ગડા કરી કાર્યક્રમ પૂરો કરેલ.**



માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી નાંઈયા ગાલા

**લિ. મંત્રી : શ્રી હીરજી મેઘજી ગડા**
**શ્રી હંસરાજ ગોપાલ ગાલાના જય જીનેન્દ્ર**

**: પત્રિકા સૌજન્ય :**
**હસ્તે : શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ કુંવરજી ગાલા**



પિતાશ્રી કુંવરજી નાંઈયા ગાલા

M-1837



॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી ચકાલા જૈન દેરાસર કબુતર ચણ

## કબુતરના ચણ માટે જીવદયાપ્રેમીઓનો આભાર



### જુલાઈ મહિના દરમ્યાન ચણ મોકલનાર લખાવનાર જીવદયાપ્રેમીઓ

| | | | |
|---|---|---|---|
| પિતાશ્રી બેચરલાલ જીવરાજ ગડા | લાકડીયા | 30 Kg. x 30 બાચકા | જુવાર |
| શ્રી મહેશ પદમશી શાહ અજરામર ધર્મસ્થાનક | જે.બી. નગર | 30 Kg. x 23 બાચકા | જુવાર |
| માતુશ્રી નાનબાઈ ખીમજી છેડા TRANSCO | જે.બી. નગર | 30 Kg. x 20 બાચકા | જુવાર |
| માતુશ્રી લક્ષ્મીબેન ડાયાલાલ ગાલા | લાકડીયા | 30 Kg. x 20 બાચકા | જુવાર |
| શ્રી ગેલાભાઈ ઉગમશી ફરીયા | આધોઈ | 30 Kg. x 20 બાચકા | જુવાર |
| શ્રીમતી જયશ્રીબેન જગશી છેડા | લાકડીયા | 30 Kg. x 18 બાચકા | જુવાર |
| માતુશ્રી વેલુબેન વીરમ ગડા | સામખીયારી | 30 Kg. x 18 બાચકા | જુવાર |
| માતુશ્રી રાજીબેન ખેતશી નિસર | લાકડીયા | 30 Kg. x 16 બાચકા | જુવાર |
| માતુશ્રી કુવરબેન ભારમલ નિસર | લાકડીયા | 30 Kg. x 15 બાચકા | જુવાર |
| શ્રી ચાંપશી જેસંગ ગાલા | આધોઈ | 30 Kg. x 15 બાચકા | જુવાર |
| પિતાશ્રી પ્રેમજી લખમણ ડાઘા | લાકડીયા | 30 Kg. x 12 બાચકા | જુવાર |
| શ્રી કેશવજી મોણશી એન્ડ કું. | અંધેરી (ઈ.) | 30 Kg. x 12 બાચકા | જુવાર |
| શ્રીમતી પ્રભાબેન પ્રેમજી ગાલા | લાકડીયા | 30 Kg. x 11 બાચકા | જુવાર |
| શ્રી L.S. Lodha | જે.બી. નગર | 30 Kg. x 11 બાચકા | જુવાર |
| માતુશ્રી પાનબાઈ જુઠાલાલ સત્રા | ભરૂડીયા | 30 Kg. x 10 બાચકા | જુવાર |
| માતુશ્રી હીરાબેન મોતીલાલ ગડા | આધોઈ | 30 Kg. x 10 બાચકા | જુવાર |
| શ્રી ચાંપશી ગોપાલ છાડવા | લાકડીયા | 30 Kg. x 10 બાચકા | જુવાર |
| શ્રી પ્રવીણભાઈ વેલજી પટેલ | શીકારપુર | 30 Kg. x 10 બાચકા | બાજર |
| શ્રી જેઠાલાલ પાલણ ગડા | ભચાઉ | 30 Kg. x 08 બાચકા | જુવાર |
| માતુશ્રી ચોથીબેન કાનજી છેડા | ભચાઉ | 30 Kg. x 08 બાચકા | જુવાર |
| શ્રી નેણશી મુરજી શાહ | લાકડીયા | 30 Kg. x 08 બાચકા | જુવાર |
| એક સદગૃહસ્થ તરફથી | Bill No. 17146 | 30 Kg. x 08 બાચકા | જુવાર |
| શ્રીમતી મોંઘીબેન ભારમલ ખાખણ ડાઘા | આધોઈ | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| શ્રી ભારમલ ખાખણ ડાઘા | આધોઈ | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| પિતાશ્રી લાલજી નરશી ગડા | સામખીયારી | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| પિતાશ્રી વીરજી ભચુભાઈ પચાણ ગાલા | લાકડીયા | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| પિતાશ્રી નાનજી શંભુલાલ ગાલા | લાકડીયા | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| શ્રીમતી દમયંતીબેન વીરજી શંભુલાલ ગાલા | લાકડીયા | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| શ્રીમતી મનિષાબેન વીનોદ ગાલા | લાકડીયા | 30 Kg. x 05 બાચકા | જુવાર |
| શ્રી તીરૂપતી બાલાજી ગ્રુપ | અંધેરી | 30 Kg. x 04 બાચકા | જુવાર |
| માતુશ્રી રાણીબેન પોપટલાલ ગડા | સામખીયારી | 30 Kg. x 04 બાચકા | જુવાર |
| શ્રી ભરતભાઈ હીરજી રામજી છેડા | ભચાઉ | 30 Kg. x 03 બાચકા | જુવાર |
| માતુશ્રી કેશરબેન અમ્રતલાલ ગાલા | લાકડીયા | 30 Kg. x 03 બાચકા | જુવાર |
| માતુશ્રી દેમાબેન કેશવજી કારીયા | ભચાઉ | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| માતુશ્રી જવેરબેન લખમશી ગડા | સામખીયારી | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| માતુશ્રી મોંઘીબેન ભારમલ નિસર | આધોઈ | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| માતુશ્રી રાજીબેન પોપટલાલ ગાલા | લાકડીયા | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| શ્રીમતી સાવિત્રીબેન જયંતિલાલ ડાઘા | આધોઈ | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| શ્રી દેવશી રામજી ગાલા | હલરા | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| શ્રી અમરશી ભચુભાઈ ગાલા | લાકડીયા | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| કુમારી આંશી, કુમારી પલક પરેશ ગાલા | મનફરા | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| પિતાશ્રી નેણશી કરસન લાખા ફરીયા | ભચાઉ | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| એક સદગૃહસ્થ તરફથી | Bill No. 16889 | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| એક સદગૃહસ્થ તરફથી | Bill No. 19071 | 30 Kg. x 02 બાચકા | જુવાર |
| શ્રીમતી કેશરબેન પ્રેમજી ફરીયા | લાકડીયા | 30 Kg. x 01 બાચકા | જુવાર |
| શ્રીમતી રત્નાબેન ગોપાલ ફરીયા | લાકડીયા | 30 Kg. x 01 બાચકા | જુવાર |
| એક સદગૃહસ્થ તરફથી | Bill No. 19098 | 30 Kg. x 01 બાચકા | જુવાર |



નજીક રહેતા જીવદયાપ્રેમીઓ તરફથી દરરોજ ચણ રાખવામાં આવે છે તેમનો આભાર નિયમીત રીતે ચણ લખાવનાર – મોકલનાર સહાય કરનારનો ખૂબ ખૂબ આભાર.

### ચણ મોકલવાનું સ્થળ

**શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર**

સીગારેટ ફેકટરીની સામે, ચકાલા, અંધેરી ઈસ્ટ.

### ચણ લખાવવા સંપર્ક

**મોતીલાલ ભારમલ ડાઘા**

મો. 96196 19227

**રાજેશ પ્રેમજી ગાલા**

મો. 98338 71800

### પત્રિકા સૌજન્ય





માતુશ્રી મુરઈબેન શંભુલાલ ગાલા - લાકડીયા

લિ. પ્રેમજી શંભુલાલ ગાલા

M-1835

# શિક્ષણ ક્ષેત્રે સફળતાનું ગૌરવ

(ગામ : લાકડીયા - કલ્યાણ, હાલે ઘાટકોપર)

**જયવંતી હસમુખ ગાલાની લાડકવાઈ અને હિરેનની લાડલીબેન Dr. Sneha Galaનું M.D.S. થવા બદલ અભિવાદન...**



## Congratulations!

## Dr. SNEHA (SWEETY) GALA

**has passed with 69% in M.D.S. (Prosthodontics & Implantologists) and Secured '12th' Rank in Maharashtra from Terna Dental College, Nerul - Navi Mumbai.**

**"MAY YOU FLY HIGH IN LIFE & SUCCESS BE WITH YOU ALWAYS"**

**શુભેચ્છક**

| | | | |
|---|---|---|---|
| દાદા-દાદી | : | સોનાબેન વેલજી ખેરાજ ગાલા | લાકડીયા |
| નાના-નાની | : | પુરબાઈ વેલજી ખાંખણ ગડા | લાકડીયા |

G-296

# શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ


પૂજ્ય આચાર્ય અજરામરજી સ્વામી


પૂજ્ય આચાર્ય ભાવગુરૂદેવ સ્વામી

**કોલડુંગરી, અંધેરી (પૂર્વ)**

## "ખીલ ઉઠા હૈ ચમન, હસ રહા હૈ ગગન, પૂ. તરલાબાઈ મહાસતીજી કા શ્રી સંઘમે આગમન"

લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **પૂ. ગુરૂદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના** આજ્ઞાનુવર્તિની **પૂ. શ્રી તરલાબાઈ મહા., પૂ.શ્રી અખિલાબાઈમહા., પૂ. શ્રી ભાવાંશીકુમારી** આદિ ઠાણા-૩ના સાનિધ્યમાં કોલડુંગરી શ્રી સંઘમાં આરાધનાનો આનંદ ઉત્સવ છવાયો છે.

**"જાણી લો વર્ષાવાસનો વિરલ આરાધના વૈભવ"**
**સુપર લાઈફની માસ્ટર કી**

સમય ૯.૩૦ થી ૧૦.૩૦ શ્રી ભગવતી સૂત્ર એવમ્ ધારાવાહિક સિરિયલ **"દિકરી વ્હાલનો દરિયો"** આગમ - વાંચના

ચાલો સહિયર સંગાથે - મંગળવારે ૩.૦૦ થી ૪.૩૦

**"પાપની સજા ભારે"**

**વિવિધ અનુષ્ઠાન :** અનુપૂર્વી જાપ, ઉવસગ્ગહરના જાપ, પરમેષ્ટીની પ્યોરીટી, નન્હે મુન્હે સિતારે દર્શન, સન્ડે કી સુબહ સંતો કે સાથ આ છે અજરામર દરબાર, જેના ખૂલા છે સદા દ્વાર, દોડી આવો સૌ નરનાર, દાદા ગુરૂની અઠ્ઠમ કરવા સૌ થઈ જાવ તૈયાર.

**યાદ રાખો : તા. ૨૫, ૨૬, ૨૭ શનિ, રવિ, સોમ.** "કરો તપ કી લાઈટ જીતો બમ્પર પ્રાઈઝ"

## "સરોવર કરતા વાદળા વખણાય છે અને પૈસાદાર કરતા દાનવીર વધુ વખણાય છે"

| | | | |
|---|---|---|---|
| **સાધર્મિકના લાભાર્થી** | : | **માતુશ્રી ખીમઈબેન હેમરાજ ગડા** | **લાકડીયા** |
| **સૂત્ર પોથીના લાભાર્થી** | : | **શ્રીમતી પુષ્પાબેન ચુનિલાલ છેડા** | **ગાગોદર** |
| **ચરિત્ર પોથીના લાભાર્થી** | : | **શ્રીમતી માધુરીબેન સુરેશભાઈ મોદી** | **અંધેરી** |

## શ્રી સંઘમાં લખાવેલ ફાળો આની રૂપે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| શ્રીમતી મણીબેન જખુ અખા ગાલા | ૨ |
| શ્રીમતી જ્યોતિબેન વિરજી આસપાર કારીયા | ૨ |
| માતુશ્રી સાવિત્રીબેન બાબુલાલ આસપાર કારીયા | ૨ |
| શ્રીમતી મંજુબેન હંસરાજ પુનરાજ છાડવા | ૨ |
| મેલડી માતાજી સરા ગામ | ૧ |
| શ્રીમતી રંજનબેન ગોકળ રાઘવજી શાહ | ૧ |
| શ્રીમતી જયશ્રીબેન ખીમજી ગોપાલ છાડવા | ૧ |
| શ્રીમતી કસ્તુરબેન રસીકભાઈ રામજી ગાલા | ૧ |
| શ્રીમતી મણીબેન શામજી નરશી ગાલા | ૧ |
| શ્રીમતી ડાઈબેન શામજી રીણા શાહ | ૧ |
| શ્રીમતી લક્ષ્મીબેન ગુણશી વેલજી છેડા | ૧ |
| શ્રીમતી હરખુબેન ચાંપશી લખમશી ગડા | ૧ |
| શ્રીમતી કમળાબેન દેશર સુરા ગડા | ૧ |
| શ્રીમતી મીણાબેન રમણીક માડણ છેડા | ૧ |
| શ્રીમતી વેજીબેન ભાણજી માડણ ગડા | ૧ |
| શ્રીમતી નાનુબેન અવચર રાઘવજી ગડા | ૧ |
| શ્રીમતી શાંતાબેન શાંતિલાલ ભાણજી ગડા | ૧ |
| શ્રીમતી વિમળાબેન રામજી શામજી દેઢિયા | ૧ |
| શ્રીમતી વિમળાબેન રમેશ હાજા ગડા | ૧ |
| શ્રીમતી રતનબેન પોપટ માંઈયા ગડા | ૧ |
| શ્રીમતી મંજુલાબેન શવજી ભુરા નિસર | ૧ |
| શ્રીમતી હીરૂબેન નાનજી માઈયા ગડા | ૧ |
| શ્રીમતી સીમાબેન રાજેન્દ્ર કાઠેદ (ખેરોદા) | ૧ |
| શ્રીમતી કુંવરબેન મણીલાલ ભારમલ ગડા | ૧ |
| શ્રીમતી લાખઈબેન સોજપાર લાલજી કારીયા | ૧ |
| શ્રીમતી માનસી ઠાકરશીભાઈ દેઢિયા (ભોરારા) | ૧ |
| શ્રીમતી દિવાળીબેન વેલજી ગોપાલ છાડવા | ૧ |
| શ્રીમતી ધનવંતીબેન ભાણજી સોજપાર કારીયા | ૧ |
| શ્રીમતી દમયંતીબેન ચાંપશી ગોપાલ છાડવા | ૧ |
| શ્રીમતી ચંદ્રિકાબેન વિનોદ ભચુ નિસર | ૧ |

**લિ. ટ્રસ્ટીગણ**

શ્રી રમેશ બાબુભાઈ કારીયા
શ્રી જખુભાઈ અખા ગાલા
શ્રી વીરજી આસપાર કારીયા
શ્રી નવિન ભચુ નિસર
શ્રી શાંતિલાલ ભાણજી ગડા

**કમિટી**

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | : શ્રી વીરજી આસપાર કારીયા | ખજાનચી | : શ્રી ભીમશી પૂંજાલાલ શાહ |
| ઉપ પ્રમુખ | : શ્રી જખુભાઈ અખાભાઈ ગાલા | સહ ખજાનચી | : શ્રી વેલજી ગોપાલ છાડવા |
| મંત્રી | : શ્રી શાંતિલાલ ભાણજી ગડા | | |
| | શ્રી હંસરાજ પુનરાજ છાડવા | | |
| | શ્રી ખીમજી ગોપાલ છાડવા | | |

A-256

અભિનંદન ✿ શુભેચ્છા ✿ અભિનંદન ✿ શુભેચ્છા ✿ અભિનંદન ✿ શુભેચ્છા

# નૂતન ત્રંબૌના શાહ પરિવારનું ગૌરવ



મા સરસ્વતી અને સચ્ચામાતા

તથા ખેતરપાર દાદાની અસીમ કૃપાથી

**અ.સૌ. હર્નિશા મોનિશ શાહ**

એ **Bachelor of Law (LLB)**

ની ડિગ્રી મેળવીને શિક્ષણ

ક્ષેત્રે ઝળહળતી સફલળતા મેળવી છે

તે બદ્દલ અમે ગર્વ અનુભવીયે છીએ.

અ.સૌ. હર્નિશા ભવિષ્યમાં પણ આવી

સિદ્ધીઓ મેળવી સમાજ ઉપયોગી કાર્યો

કરતી રહે એવી શુભેચ્છા...

## અ.સૌ. હર્નિશા મોનિશ રમેશ શાહ

**Bachelor of Law (LLB) 3 Years Course**

લિ.

માતુશ્રી ધનુબેન અને રંજનબેન વેલજી કરમાણ શાહ પરિવાર (નૂ.ત્રંબૌ)

સ્મીતાબેન રમેશ શાહ | રમીલાબેન ગીરીશ ગાલા

અશ્વીનાબેન મનસુખ શાહ | કિર્તીબેન ગીરીશ કારીઆ

રૂચી નિકેત શાહ

શીતલ । બિજલ, શ્રેયા, વૈશ્વી । રિયાન, અર્હાન । વિશાલ । નીર ખુશી

T-681

જ્યોતિ પ્રિન્ટર્સ, થાણા ✆ 9867 641 789 / 8454 04 7777

અભિનંદન ✿ શુભેચ્છા ✿ અભિનંદન ✿ શુભેચ્છા ✿ અભિનંદન ✿ શુભેચ્છા

# શ્રી વાગડ કલા કેન્દ્ર–મુંબઈ



આયોજિત

## 'વાગડ સંદેશ' માધ્યમ દ્વારા – નિબંધ સ્પર્ધા

**વાગડ વિશા ઓસવાળ સમાજના જ્ઞાતિજનોમાં રહેલી લેખન શક્તિને પ્રોત્સાહન આપવા તથા વિચાર પ્રકિયાને આગળ વધારવા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.**

### સ્પર્ધાના નિયમો

(૧) પંદર વર્ષથી ઉપરની વ્યક્તિ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
(૨) નીચે મુજબના વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૬૦૦ શબ્દોમાં નિબંધ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં લખવાનો રહેશે.
(૩) **નિબંધ તા. ૦૫.૦૯.૨૦૧૮ સુધી શ્રી વાગડ કલા કેન્દ્રની ઓફિસે મોકલવાનો રહેશે.**
(૪) સુવાચ્ય અક્ષરોમાં કાગળની એક જ બાજુએ નિબંધ લખવાનો રહેશે. પ્રથમ પાનામાં ઉપરની બાજુએ સ્પર્ધકે પોતાનું પુરું નામ, સરનામું, મો. નંબર, ઈ–મેઈલ આઈડી લખવાનો રહેશે એ પછી નિબંધ અને ત્યારબાદ નિબંધ લખવાની શરૂઆત કરવી.
(૫) સ્પર્ધકે પોતાનો ૧ ફોટોગ્રાફ, ફોટોની પાછળ માર્કર પેનથી પુરું નામ લખીને મોકલવાનો રહેશે.
(૬) સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર રૂા. ૨,૫૦૦/–, દ્વિતીય પુરસ્કાર રૂા. ૨,૦૦૦/– તૃતિય પુરસ્કાર રૂા. ૧,૫૦૦/– આપવામાં આવશે તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવશે.
(૭) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
(૮) સંજોગોવશાત્ સ્પર્ધામાં ફેરફાર કરવાનો સંસ્થાને અબાધિત અધિકાર રહેશે.

### વિષયો

(૧) ઉંમરનાં ૫૦ વર્ષો પછીનો પડાવ
(૨) આપણા સમાજમાં સગપણ–લગ્ન વિચ્છેદનાં કારણો અને ઉપાયો
(૩) વર્તમાન સમયમાં વાગડ સમાજને મુંઝવતી સમસ્યાઓ
(૪) પારિવારિક સંબંધોનું જીવનમાં મહત્ત્વ–
(૫) મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ–

(1) Life After Age of 50 years
(2) Reasons & Solutions of Breakup of Engagements & Marriage in our Community
(3) Problems face by Vagad Samaj in present time
(4) Importants of Family Relation in Life
(5) Turning Point of My Life

**તો ચાલો ઉપાડો કલમ ને કાગળ... કોની રાહ જુઓ છો!**
**તમારા અંતરમનનાં ખૂણામાં ડોકિયું કરી રહેલા વિચારોને આપો એક મુકામ!**

E-812

**લિ. વાગડ સંદેશ કમિટી • અધિકારીબોર્ડ**

---

સેલ...... સેલ...... સેલ......

**Sanskriti**
*A World of Shopoholics*
પ્રસ્તુત કરે છે.

## રાખડી સ્પેશલ સેલ

લેડિજ કુર્તીજ, ડિઝાઈનર સાડી, વેસ્ટર્ન આઉટફિટ, શૂ વેયર, કીડસ વેયર, કિચન અપ્લાયન્સ, ક્વીલીંગ પ્રોડકસ, ઈમીટેશન જવેલરી, બ્યુટી પ્રોડકટસ, હેન્ડીક્રાફ્ટસ, પર્સીસ, કલચીસ, વૉચીસ, કીડસ આયટમ્સ, મુખવાસ, અને ઘણું બધુ અકલ્પ્ય ભાવે

**ડિઝાયનર કુર્તીસ રૂ.૨૦૦/- થી શરૂ**

ખાસ આકર્ષણ
લક્કી ડ્રૉ
પહેલા ૧૦૦ વિઝીટરને ફ્રી ગીફ્ટ
સ્પેશલ ડિઝાયનર રાખી આકર્ષક ભાવે
ફ્રી ફેસ ક્લીનપ
રૂ.૩૦૦૦ ની ખરીદી પર અશ્યોર પ્રાઈઝ

તારીખ : ૨૦ અને ૨૧ ઑગસ્ટ ૨૦૧૮ (સવારે ૧૧ થી રાત્રે ૮)
સ્થળ : રાજપુરીયા બાગ (ગ્રાઉંડ ફ્લોઅર), એન.પી.ઠક્કર રોડ, વિલેપાર્લે (પૂર્વ)

A 258

સંપર્ક
કરિશ્મા મેસવાણી 9819687093
ઉર્વી ગાલા 9664077757

---

## સોનેરી તક

### સેલ્સ અને માર્કેટીંગ

યુરો ડેકોર પ્રા. લિ. કંપની માં પૂરા ભારત માટે સેલ્સ અને માર્કેટીંગ માટે ઉમેદવારોની જરૂર છે.

સનમાઈકા અને વીનીયરના જાણકાર તેમજ વેચાણના અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય (વય મર્યાદા ૩૫ સુધી)

### ફેકટરી

વાપી (સિલ્વાસ) માં સનમાઈકા અને વીનીયર બનાવતી ફેકટરીમાં મેન્યુફેક્ચરીંગના અનુભવી-બીન અનુભવી માણસોની જરૂર છે. રહેવા અને જમવાની સુવિધા આપવામાં આવશે.

ઈચ્છુક ઉમેદવારોએ પોતાનો બાયોડેટા નીચે આપેલ સરનામા પર ૩૧/૮/૨૦૧૮ સુધી ઈ-મેલ અથવા કુરિયર કરવો.

સંપર્ક માટે
**શ્રી મહેશભાઈ વીરા 9322650778**

**EURO Decor Pvt. Ltd.**
101/102, Shreya House, Pareira Hill Road, Opp. Guru Nanak Petrol Pump, Off. A. K. Road, Andheri (East), Mumbai - 400 099. INDIA
**E-Mail: mahesh@eurodecor.co.in**

M 1845

50th




Kanti Bhimshi Karia (Rav)

વજુદ કેટલો પણ ભવ્ય કેમ ના હોય!
અંતે તમારો કિરદાર જ લોકોનુ દિલ જીતી જાય છે.

માયાબેન રમેશ ગડા
રમિલાબેન શામજી ફુરિઆ
પુષ્પા જયંતી ફુરિઆ
ગુણવંતી નવિન ફુરિઆ
સુશિલા વિનોદ ફુરિઆ
નિર્મળાબેન નવીન સાવલા
સાકરબેન દામજી છાડવા
ભાવનાબેન જયેશ ગાલા
શિલ્પાબેન કિર્તી ગડા
પુષ્પા પ્રવિમ સાવલા

**તમે અમારામાં અનહદ**
**અને**
**અમે તમારામાં બેહદ**
**બસ આજ આપણી પ્રેમભરી મિત્રતા...**

M 1846

# શિક્ષણ ક્ષેત્રે સફળતાનું ગૌરવ

**ચિ. શૈલી પ્રદિપ ગડા Master's in Physiotherapy (MPTH)ની ડિગ્રી હાંસીલ કરી પરિવારનું નામ રોશન કર્યુ છે.**

**જીવનમાં દરેક પગલે સફળતાને વરે એવી હાર્દિક અભિલાશા સાથે હાર્દિક અભિનંદન...**

## આધોઈ (વિલેપાર્લે)ના માતુશ્રી મોંઘીબેન પોપટલાલ ભારાભાઈ ગડા પરિવારનું ગૌરવ

તારી સોનરી સફળતા અને
બુલંદ ઈરાદાને
અભિનંદનો વડે બિરદાવતા
અમે બધા ખૂબ
આનંદની અનુભૂતિ કરીએ છીએ.
જીવનમાં અનેક ઊંચાઈઓને
આંબીને પ્રગતિના યશનામી
શિખરો સર કરે એ જ શુભેચ્છા.



# Dr. Shailee

**Master's in Physiotherapy**
**(Musculoskeletal Sciences)**
**From LTMMC & GH - SION**

**દાદા-દાદી** : લતાબેન નેમચંદ પોપટલાલ ગડા
**કા. દાદા-દાદી** : ભાનુબેન પ્રેમજી પોપટલાલ ગડા
: જયાબેન અમૃતલાલ પોપટલાલ ગડા
: પલ્લવીબેન અરવિંદ પોપટલાલ ગડા
: નીતાબેન ભરત પોપટલાલ ગડા
**માતા-પિતા** : ઈન્દુબેન પ્રદીપ ગડા
**બહેન** : દ્રષ્ટી પ્રદીપ ગડા
**ભાઈ** : અક્ષય પ્રદીપ ગડા
**ફુઈ-ફુવા** : ડૉ. દીપ્તિ નીલેશ ખીમજી શાહ (ખારોઈ)
: જયોતી મનોજ મણીલાલ ફુરીઆ (ખારોઈ)

**નાના-નાની** : લાખઈબેન વાલજી ભચુ ચરલા
**મામા-મામી** : ગીતાબેન દેવજી વાલજી ચરલા
: વીસનજી ચરલા, જીતેન્દ્ર ચરલા
**માસા-માસી** : નીર્મલાબેન મણીલાલ ગડા
: જવેરબેન રમેશ બોરીચા
: ભાવનાબેન ભરત બોરીચા

M-1849

Printed and Published by ADV. HASMUKHLAL VELJI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The Owner) Office : Shree Parimal - II, 103, 1st Floor, Daftary Road, Malad (E), Mumbai- 400 097. Printed at Dangat Media Pvt. Ltd. Office : 22 Dighe MIDC, TTC Industrial Area, Dighe, Navi Mumbai - 400 708. Editor : Dr. NAGJI KESHAVJI RITA